## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ભાઈ, ફેક ન્યુઝની છુટથી ખુશ થવાનું કાંઈ કારણ નથી... આપણે ગમે તે કરીએ પરંતુ આમના જેવું તો ફેંકી જ શકવાના નથી... શું સમજ્યો ??

# ગાંધીનગર મનપાની ભરતીને લઈ સેટીંગબાજોની બાજ નજર

## જાહેરાત પ્રસિદ્ધ થતાની સાથે વિવિધ સંવર્ગની જગ્યાઓ માટે કહેવાતા વચેટીયાઓએ નોકરીના ભાવો પણ નક્કી કરી દિધા..!!

ગાંધીનગર, તા. ૪

ગુજરાત રાજ્યમાં બેરોજગારોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. સરકાર લાખો બેરોજગારોની સામે ત્રણ ડિઝીટથી મોટી સંખ્યામાં કોઈ ભરતી કરતી નથી પરિણામે શિક્ષિત બેરોજગાર યુવાનો નોકરી મેળવવા એડીચોટીની મહેનત સાથે તૈયારીઓ કરી રહ્યા છે. પરંતુ સરકારની અપારદર્શક ભરતી પ્રક્રિયાથી નારાજ પણ જોવા મળે છે. કોઈક વિભાગમાં ભરતીની જાહેરાત પ્રસિદ્ધ થાય ત્યારથી જ ભ્રષ્ટ અધિકારીઓ અને સેટીંગબાજો સક્રિય બની જાય છે. ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકામાં પણ ભરતીને લઈ નોકરીમાં નિમણૂંક મેળવવા ભ્રષ્ટાચારીની ગંધ ફેલાવવા લાગી છે. થોડા દિવસો અગાઉ મનપા દ્વારા ૨૫૦ થી વધુ વિવિધ ખાલી જગ્યાઓ ભરવા માટે વર્તમાનપત્રોમાં જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જે જાહેરાતના હજુ તો ફોર્મ જ ભરાઈ રહ્યા છે ત્યાં કેટલાક સેટીંગબાજો ભ્રષ્ટ તંત્રના ભ્રષ્ટ અધિકારીઓની સાથે સાઠગાંઠ કરી સેટીંગો ગોઠવી રહ્યા છે. અને એક એક જગ્યા માટે રૂ. ૮ થી ૧૦ લાખના ભાવો નોકરી માટે બોલાઈ રહ્યા છે તેવો શૂર પણ હાલના તબક્કે ઉઠવા પામ્યો છે. ગુજરાત રાજ્યમાં દિનપ્રતિદિન યુવા શિક્ષિત બેરોજગારોની સંખ્યા વધતી જાય છે. બીજી તરફ સરકારી કર્મચારીઓની સતત નિવૃત્તિની સંખ્યાથી કચેરીમાં મહેકમની ખોટ દેખાઈ રહી છે. પરિણામે સરકારી કચેરીના કામકાજમાં મોટે પાયે અડચણ ઉભી થઈ રહી છે. બીજી તરફ સરકાર લાખો બેરોજગાર યુવાનોની સામે ૨૦૦-૩૦૦ જ ખાલી જગ્યાઓ પર ભરતીની જાહેરાત કરી રહી છે. સરકાર ભરતીની જાહેરાત કરતા જ પરીક્ષા પદ્ધતિથી લઈ પરિણામ સુધીમાં આ ભરતી પ્રક્રિયાની પારદર્શકતા સામે અનેક ફરિયાદો ઉઠવા પામે છે. સમય જતા આવી ભરતી પ્રક્રિયાએ ભ્રષ્ટ અધિકારીઓની મિલીભગતથી ભ્રષ્ટાચારમાં લપેટાઈ જાય છે. તે પણ હકીકત છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા થોડા દિવસો અગાઉ મનપામાં વિવિધ ૨૫૦ થી વધુ ખાલી જગ્યાઓ ભરવા માટે જુદા જુદા સમાચારપત્રોમાં જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી હતી. હાલ આ ભરતીની જાહેરાતના ઓનલાઈન ફોર્મ જ ભરાઈ રહ્યા છે. ત્યાં તો જગ્યાઓની ભરતી માટે ભાવો બોલાઈ રહ્યા છે. ભરતી પ્રક્રિયા સાથે જોડાયેલા કેટલાક અધિકારીઓ બહારના સેટીંગબાજો સાથે પાસા ગોઠવી રહ્યા છે. સેટીંગબાજો પણ આ ભ્રષ્ટ અધિકારીઓ રહેમ નજર હેઠળ પોતાના સેટીંગ ગોઠવી રહ્યા છે. અને એક એક જગ્યાઓ પર સેટીંગથી ભરતી કરવા ૮ થી ૧૦ લાખ રૂપિયાના ભાવો લઈ રહ્યા છે. કેટલાક સેટીંગ બાજોએ વિવિધ અધિકારીઓની ચેમ્બરની આસપાસ પણ આંટાફેરા શરૂ કરી છાનીછુપી બેઠકો પણ કરી રહ્યા છે તેવો એક સૂર ઉઠવા પામ્યો છે.

લાંબા સમયથી નોકરી મેળવવા તનતોડ મહેનત કરતાં બેરોજગારની મહેનત પર આ સેટીંગબાજો પાણી ફેરવી રહ્યા છે. ત્યારે જોવાનું રહ્યું કે આ ભરતી કેટલી પારદર્શક રીતે થાય છે ? કે પછી આ ભરતીઓમાં પણ કૌભાંડીઓ પોતાનું સેટીંગ કરાવવામાં સફળ થાય છે તે જોવુ રહ્યું.

# ગુજરાત વિદ્યાપીઢ સાદરા ખાતે યુવા પ્રોત્સાહન વ્યાખ્યાન કાર્યક્રમ રાજયપાલશ્રીની ઉપસ્થિતિમાં યોજાયો

ગાંધીનગર, તા. ૪

પર્યાવરણનું રક્ષણ કરવાનું કાર્ય એક ફેશન બની ગયું છે. વિકાસ તથા આર્થિક સમૃઘ્ઘિના લોભમાં પર્યાવરણનો અવિવેકી રીતે ઉપયોગ થાય છે. ગાંધીજી પર્યાવરણનો મર્યાદિત ઉપયોગ કરવાનો આગ્રહ રાખતા હતા, તેવું આજરોજ ગુજરાત વિધાપીઢ, સાદરા ખાતે યોજાયેલ યુવા પ્રોત્સાહન વ્યાખ્યાન કાર્યક્રમમાં રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું. આજે કચેરી, ન્યાયલય, શિક્ષણમાં આઝાદીના આટલા વર્ષ બાદ પણ રાષ્ટ્રીય ભાષા હિન્દી કરતાં વધુ અંગ્રેજી ભાષા વપરાય છે. આપણે એવું માની છીએ કે, અંગ્રેજી સિવાય નહિ ચાલે. કેટલાક લોકો એવું કહે છે કે ગાંધીજી મશીન અને ટેકનોલોજી વિરોધી હતા, પરંતુ ગાંધીજી મશીન કે ટેકનોલોજી વિરોધી ન હતા. તેઓ મનુષ્યને બેકાર કરતા હોય તેવા જ મશીન અને ટેકનોલોજીનો વિરોધ કરતાં હતા. પશ્ચિમી સંસ્કૃતિ અને ભારતીય ઘર્મ આધારિત સંસ્કૃતિની તુલના કરીને પશ્ચિમી સંસ્કૃતિના ઘાતક પરિણામો પર ફોકસ કર્યું છે. યુવાનોને ભારતીય સંસ્કૃતિ સાથે જીવનનો વિકાસ કરવા ભારપૂર્વક જણાવ્યું હતું. સ્વદેશી અપનાવા યુવાનોને અનુરોધ પણ કર્યો હતો.

સ્વતંત્રતા આપણને મળી છે, સ્વરાજ મેળવવાનું બાકી છે, તેવું કહી ગુજરાત વિધાપીઢના કુલપતિ ઈલાબેન ભટ્ટે સ્વરાજ કેવું હોય તેની વાત કરી હતી. શિક્ષણની મહત્તા સમજાવી હતી.



રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ યુવાનોને ગાંધીજીના જીવન અંગેની વિવિધ રસપ્રદ વાતો કરતા જણાવ્યું હતું કે, ગાંધીજી એવું માનતા હતા કે, પર્યાવરણ ભોગવાનો અધિકાર પશુ-પક્ષીઓનો પ્રથમ છે. તે પછી મનુષ્યનો છે. શિક્ષણ રોજગારી પેદા કરી શકતી નથી, તેવી વાતો આપણે સૌ કરીએ છીએ. પરંતુ ગાંધીજીએ શિક્ષાને શ્રમ આધારિત બનાવવાની વાત પર ભાર મુક્યો છે. આ વાતને આજે પણ આપણે ધીમે ધીમે અને બીતા બીતા સ્વીકારતા હોય તેવું લાગી રહ્યું છે.

રાજનીતી સ્વતંત્રતા પ્રાપ્ત થઈ તે યાત્રાનો એક પળાવ છે. તેવું કહી રાજયપાલશ્રીએ ગાંધીજીના સ્વતંત્રતા સ્વરાજ વચ્ચેની પાતળી ભેદ રેખાની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. રાજનીતીમાંથી ઘર્મ અને નીતી કાઢી નાખવામાં આવશે તો આજનું રાજકરણ જોવા મળશે. જેથી રાજનીતીને ધર્મ આધારિત અને નીતી આધારિત બનાવું પડશે. સ્વરાજ લાવવા માટે યુવાનાએ શું કરવું પડશે, તેની વાત કરીને રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, ગાંધીજીએ હિંદ સ્વરાજ પુસ્તકમાં મહત્તા સમજાવી હતી.

ગુજરાત વિધાપીઢના કુલનાયક અનામિક શાહએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને ગુજરાત વિધાપીઢ, સાદરાની ઐતિહાસિક વાતો કરી હતી. આભરવિધી ગુજરાત વિધાપીઠના શારીરિક શિક્ષણના ડીન કાશુન્દ્રભાઈએ કરી હતી.

આ પ્રસંગે ગુજરાત વિધાપીઢના કુલ સચિવ રાજેન્દ્રભાઈ ખીમાણી અને વિધાપીઠનો સ્ટાફ પરિવાર અને વિધાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.






બ્રહ્મસમાજ દ્વારા આયોજિત બ્રહ્મકર્મ સમન્વય કાર્યક્રમ દરમિયાન બ્રહ્મ અગ્રણીઓનુ સન્માન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે સમાજના અગ્રણીઓએ બ્રાહ્મણ સૌ એક સુત્રને સાર્થક કરવાના પ્રયાસરૂપે બ્રાહ્મણ માટે બ્રાહ્મણ બનવાના અભિગમ સાથે સમાજની એકતાને વધુ મજબુત કરવા હાકલ કરી હતી. બ્રહ્મસમાજ સંગઠીત હોવાનો પરિચય આપવાનો સમય આવી ગયો હોવાનો સુર પણ મંચસ્થ મહાનુભાવોએ ઉઠાવ્યો હતો. આ સમારંભમાં ચેતન્યશંભુ મહારાજ , નગરના અગ્રણી કૃષ્ણકાન્ત જહા ,ધારાસભ્ય ભીખાભાઈ જોષી, શૈલેષભાઈ મહેતા નિશિત વ્યાસ, છેલભાઈ જોષી,ભુષણ ભટ્ટ, ટી પી મહેતા , વિમલ ઉપાધ્યાય, યજ્ઞેશ દવે , નરેશ દવે , અશ્વિન ત્રિવેદી સહીતના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. જયારે મહીલા પાંખમાંથી પણ ચંદ્રીકાબેન રાવલ કનકબેન વ્યાસ છાયાબેન ત્રિવેદી, જયશ્રી ખેતિયા સહીતના મહીલા અગ્રણીઓ પણ હાજર રહયા હતા. સમાજના અગ્રણીઓનુ વિશેષરૂપે સન્માન પણ કરાયુ હતુ.

## ડભોડાના આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી ગુમ થયેલ યુવતી મળી આવી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના ડભોડાના આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી અને ધો. ૧૨ની પરીક્ષા તાજેતરમાં આપેલ યુવતિ તા. ૩૧-૩-૧૮ના રોજ રાત્રીના સુમારે અચાનક ગુણ થઈ ગઈ હતી. યુવતિના પિતાએ આસપાસ શોધખોળ આદરી હોવા છતા દિકરી હાથમાં આવી નહોતી. ત્યારે આ યુવતિને નજીકના ગામનો યુવક લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયો હતો. પોલીસે સઘન શોધખોળ કરતા આજરોજ સવારે તે યુવતિ અમદાવાદના એલીસબ્રિજ પોલીસ મથકથી મળી આવી હતી. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

# ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગની કચેરીનો શુભારંભ

ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની વિશેષ



ઉપસ્થિતીમાં ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગની કચેરીનો કાર્યારંભ કરાવતાં સામાજીક સમરસતાના ધ્યેય સાથે સૌના સાથ સૌના વિકાસ માટેની પ્રતિબધ્ધતાનો પૂનરોચ્ચાર કર્યો હતો.

વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, રાજ્યની બિનઅનામત વર્ગોની ૫૮ જેટલી વિવિધ જ્ઞાતિઓના સર્વાંગી ઉત્થાન, રોજગારી અને શિક્ષણની વધુ તકો ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકારે બિનઅનામત વર્ગોના આયોગ સાથે બિનઅનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની પણ રચના કરી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, બિનઅનામત વર્ગોના આયોગની આ કચેરીનો કાર્યારંભ થવાથી હવે, બિનઅનામત વર્ગોના પરિવારોની આર્થિક-સામાજીક સ્થિતિનો અભ્યાસ-સર્વે કરીને તેમના વિકાસ માટેની કલ્યાણ યોજનાઓ ઘડશે તથા રાજ્ય સરકારને તેના અમલ માટે ભલામણ કરશે.

વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, આ વર્ષના બજેટમાં રૂ. ૫૦૬ કરોડની વિશેષ જોગવાઈ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે રાજ્ય સરકારે કરી છે તેમજ આયોગ માટે રૂ. ૧.૨૮ કરોડનું પ્રાવધાન કર્યુ છે.

અત્રે એ નિર્દેશ કરવો આવશ્યક છે કે રાજ્ય સરકારે આ આયોગ માટે સભ્ય સચિવ દિનેશ કાપડીયા સહિત ૧૮ કર્મચારીઓનું મહેકમ પણ ફાળવ્યું છે.

આયોગની આ કચેરીના કાર્યારંભ અવસરે મંત્રીઓ સર્વ આર. સી. ફળદુ, સૌરભભાઈ પટેલ, ઈશ્વરભાઈ પરમાર, દંડક પંકજભાઈ દેસાઈ તેમજ આયોગના અધ્યક્ષ હંસરાજભાઈ અને સભ્યો તથા નિગમના અધ્યક્ષ બી. એચ. ઘોડાસરા, વિવિધ જ્ઞાતિ સમાજોના અગ્રણીઓ, આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરમાં વસવાટ કરતા રાવત સમાજ જોગ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર તેમજ આસપાસના ગામડામાં વસતા રાવત સમાજના ભાઈઓની એક કૌંટુબીક માહિતી સભર પુસ્તીકા બનાવવાની હોવાથી સમાજના ભાઈઓએ સંસ્થાના નિયત કરેલ ફોર્મમાં આપના પરિવારની માહિતી દિન-૭માં ભરીને સંસ્થાના કાર્યાલય સે-૨ એ પ્લોટ નં-૧૨૫૭-૧ સ્વામીનારાયણ મંદિર પાસે પહોંચાડવાનું રહેશે.

ગાંધીનગર શહેરમાં વસતા રાવત સમાજના ભાઈઓને સત્વરે ફોર્મ લઈ જઈને ભરીને સમયસર પહોંચાડવા માટે ગાંધીનગર રાવત સમાજ વિકાસ મંડળના મહામંત્રી નિતિનભાઈ રાવતે અનુરોધ કર્યો છે.સંસ્થા દ્વારા સમાજના શુભ કાર્યમાં મદદરૂપ થઈ સહકાર આપવા અપીલ કરાઈ છે. જે કોઈ રાવત સમાજના સમાજ બંધુઓને ફોર્મ ભરવાનું બાકી હોય તે નીચે મુજબના હોદેદારોનો સંપર્ક કરવા જણાવાયું છે. જેમાં વિઠ્ઠલભાઈ રાવત મો-૮૭૮૦૫૬૨૦૪૩, નિતીનભાઈ રાવત મો-૯૬૮૭૪૯૦૪૩૯, હરેશભાઈ રાવત મો-૮૩૨૦૨ ૭૫૪૦૨, કિશનભાઈ રાવત મો-૯૮૨૪૬ ૫૫૫૧૧, ચમનભાઈ રાવત મો-૯૯૯૮૬૫૩૯૧૬ નો સમાવેશ થાય છે.

# મેઘા પાટકરનું હંમેશા ખેડૂત વિરોધી વલણ રહ્યું છે : વાઘાણી

## નર્મદા માટે ગુજરાતે સુપ્રીમ કોર્ટ સુધી લડવાનું થયું હોય તો તે માત્રને માત્ર મેઘા પાટકરના પાપે થયું છે : વાઘાણી

અમદાવાદ,તા.૪

પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, મેઘા પાટકરે હંમેશા ગુજરાતના વિકાસ અને ખેડુતો વિરોધી કૃત્યો કર્યા છે. ગુજરાતે વર્ષોથી મેઘા પાટકર સામે લડાઈ લડી છે. નર્મદા માટે ગુજરાતે સુપ્રિમ કોર્ટ સુધી લડવાનું થયું હોય તો તે માત્રને માત્ર મેઘા પાટકરના પાપે જ થયું છે. સમગ્ર કોંગ્રેસ તેમજ વિપક્ષના નેતા ગુજરાતના નવનિયુક્ત પ્રભારીને વ્હાલા થવા માટે આવી હલકી કક્ષાના નિવેદનો કરીને કોંગ્રેસ પોતાનું પોત પ્રકાશ્યું છે. વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી તરીકે અને હવે વડાપ્રધાન તરીકે નર્મદા માટે ખુબ મોટી લડાઈ લડ્યા હતા. ખૂબ સંઘર્ષો કર્યા છે. ગુજરાત રાજ્યની જીવાદોરી સમાજ નર્મદા યોજના પૂર્ણ થાય તે માટે ઉપવાસ પર ઉતર્યા હતા, આંદોલનો કર્યા હતા, સાધુસંતો-સામાજીક સંસ્થાઓ તેમજ ગુજરાતની જનતાને સાથે રાખી નર્મદા યોજનાને ઝડપથી પૂરી કરવાના પ્રયાસો નરેન્દ્ર મોદીએ કર્યા તે ગુજરાત અને દેશની જનતા જાણે છે. દેશના વડાપ્રધાન બનતા જ માત્ર ૧૭મા દિવસે નરેન્દ્ર મોદીએ દરવાજા મુકવાની મંજૂરી આપી દીધી હતી. કોંગ્રેસે સાત-સાત વર્ષ સુધી મંજુરી આપી નહોતી. માત્રને માત્ર ભાજપાને નર્મદા યોજનાનો જશ ન મળે તે માટે ગુજરાતની જમીન અને જનતાને તરસ્યા રાખવાનું મહાપાપ કોંગ્રેસે કર્યું છે. વાઘાણીએ કોંગ્રેસને આડેહાથ લેતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ હવે ગુજરાતની જનતાની લાગણીઓ, ગુજરાતના વિકાસ અને નર્મદાની આડે ન આવે, કોંગ્રેસ ષડયંત્રો રચવાનું બંધ કરે, દેશની સંસદમાં કોંગ્રેસના નેતાઓ હજુ પણ નર્મદા યોજનાને ખોરંભે ચડાવવાના કાવતરા કરે છે તેને બંધ કરે. નર્મદા બંધના દરવાજા જ્યારે બંધ થવાના હતા તેના બે દિવસ અગાઉ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અર્જુન મોઢવાડીયા ચોરીછુપે નર્મદાના વિસ્થાપિતોને મળવા જાય અને તેના બે દિવસ પછી ગુજરાત વિરોધી અને નર્મદા વિરોધી મેઘા પાટકર ગુજરાતમાં ઘુસવાનો પ્રયાસ કરે અને ગુજરાતમાં તોફાનો થાય, શાંતિ ડહોળાય, ગુજરાતનો વિકાસ રૂંધાય તેવા પ્રયાસો કરનારાનો કોંગ્રેસ આભાર માને તે ખુબ જ દુઃખદ બાબત છે.

# સસ્તા અનાજની દુકાનોની માહિતી સરળતાથી મળશે

રાજયભરમાં આવેલી ૧૭૦૦૦થી વધુ સસ્તા અનાજની દુકાનો અને ૨૦૦થી વધુ ગોડાઉનોની માહિતી હવે સામાન્ય પ્રજાને જીઆઈએસ એપ્લીકેશનની મદદથી નકશા ઉપર ઉપલબ્ધ થશે તેમ રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી જયેશભાઈ રાદડિયા દ્વારા આજે ગાંધીનગર ખાતેથી જણાવાયું હતું. મંત્રીએ આજે જીઆઈએસ બેઈઝ એપ્લીકેશન એપ્લીકેશનનું લોન્ચીંગ કરતા કહ્યું હતું કે આ એપ્લીકેશનના લોન્ચીંગથી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગએ સઘળી કામગીરી પૂર્ણ પારદર્શકતા સાથે આંગળીના ટેરવે ઉપલબ્ધ કરાવી વહીવટી પારદર્શકતા માટે નવી પહલે કરી છે. આ એપ્લીકેશનની મદદથી છેવાડાનો નાગરિક પણ પોતાના આજુબાજુના વિસ્તારમાં આવેલી સસ્તા અનાજની દુકાનની માહિતી તેમજ તેમાં ઉપલબ્ધ પુરવઠાની વિગતો સરળતાથી આંગળીના ટેરવે નકશા દ્વારા મેળવી શકશે. આ જીઆઈએસ એપ્લીકેશન જાહેર જનતા માટે ઉપર ઉપલબ્ધ થશે. અન્ને અને નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ સંગીતા સિંઘે કહ્યું હતું કે, બાયસેગ દ્વારા તૈયાર કરવામાં આવેલી આ એપ્લીકેશનની મદદથી રાજ્યમાં આવેલા તમામ ગોડાઉનો અને રાજ્યના તમામ પંડિત દિન દયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડારની સંપૂર્ણ વિગતો સામાન્ય વ્યક્તિ મેપ દ્વારા જાણી શકશે. આ એપ્લીકેશનના કારણે ડિસીઝન મેકીંગ કામગીરી થથાં નાણાની બચત થશે ઉપરાંત આપદા સમયે યોગ્ય સંકલન, આયોજન અને અમલીકરણમાં તંત્રને સુગમતા રહેશે. આ એપ્લીકેશનથી રાજ્યનો કોઈપણ નાગરિક પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારનું સ્થળ અને તેમાં ઉપલબ્ધ સગવડ, કાર્ડ ધારકોની વિગતો, સ્ટોક, વિતરણ વગેરેની માહિતી મેળવી શકશે. રેગ્યુલર અને ચાર્જમાં ચાલતી દુકાનો, પરમીટના સ્ટેટસની છેલ્લી સ્થિતિની વિગતો પણ મેળવી શકશે. રાજ્યના ૨૦૦ કરતા પણ વધુ ગોડાઉનો અને એની તમામ વિગતો, જથ્થો તથા જથ્થાના વિતરણની વિગતો ભૌગોલિક માહિતી સાથે મેળવી શકશે.

## વિવાદો બાદ કાંકરિયા જલધારાનો કબ્જો એએમસીને સોંપાયો

કાંકરિયામાં આવેલા જલધારા વોટરનો કબજો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશ દ્વારા લેવામાં આવ્યો છે. વોટર પાર્કની જમીન અંગે સર્જાયેલા અનેક વિવાદો બાદ છેવટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જલધારા વોટર પાર્કનો પંદર વર્ષનો કોન્ટ્રાક્ટ ૨૦૧૭ના પૂરો થઈ ગયો હતો. ત્યારબાદ નિયમ પ્રમાણે વોટર પાર્ક મ્યુનિસિપલ કોર્પોરેશનને પરત કરવાનો હતો. તેમ છતાં મુદ્દત પૂરી થઈ ગયા બાદ પણ વોટર પાર્કના સંચાલકોને જ આ પ્રોજેક્ટ સોંપી દેવામાં આવ્યો હતો.

**ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત**

**આદિજાતિ વિકાસ વિભાગ**

બ્લોક નં. ૮/૨, નવા સચિવાલય, ગાંધીનગર. ફોન નં. ૨૩૨૫૨૨૫૭

સત્યમેવ જયતે

વનબંધુ કલ્યાણ યોજના VANBANDHU KALYAN YOJANA

**રીક્વેસ્ટ ફોર પ્રોપોઝલ (RFP)**

**ફાઈનાન્સીયલ એડવાઈઝર કમ ઈન્ટનટલ ઓડીટરના વર્ષ ૨૦૧૮-૧૯ની પસંદગી માટે**

ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા પ્રમોટેડ સોસાયટી, ફાઈનાન્સીયલ એડવાઈઝર કમ ઈન્ટનટલ ઓડીટરની નિમણુંક માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે જેઓ C&AG દ્વારા એમપેનલ્ડ હોય તેવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) ફર્મ પાસેથી વર્ષ ૨૦૧૮-૧૯ માટે રીક્વેસ્ટ ફોર પ્રોપોઝલ (RFP) આમંત્રીત કરે છે.

RFPની સંપૂર્ણ વિગતો અમારી વેબસાઈટ http://vky.gujarat.gov.in તથા http:/dsag.gujarat.gov.in ઉપરથી મેળવી શકાશે અથવા ઉપરોક્ત જણાવેલ સરનામા પરથી ઓફીસ સમય દરમિયાન 'ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત પેયેબલ એટ ગાંધીનગર'ના નામનો રૂ. ૧૫૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ આપીને ટેન્ડર ડૉક્યુમેન્ટ મેળવી શકાશે.

**મહત્વની તારીખ :**

| | |
|---|---|
| RFP કલેક્ટ કરવાની છેલ્લી તારીખ | ૧૭/૪/૨૦૧૮ (૧૭.૦૦ કલાકે) |
| પ્રપોઝલ ડી-સેગ ખાતે જમા કરવાની છેલ્લી તારીખ | ૧૯/૪/૨૦૧૮ (૧૭.૦૦ કલાકે) |
| ટેકનીકલ ડોક્યુમેન્ટ ખોલવાની તારીખ | ૨૧/૪/૨૦૧૮ (૧૨.૦૦ કલાકે) |

સહી/-
મુખ્ય કારોબારી અધિકારી
ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત
ગાંધીનગર

માહિતી/૯/૧૮-૧૯

**ઈ-ટેન્ડર ટુંકી જાહેર નિવિદા નં.૧ સને ૨૦૧૮-૨૦૧૯**

**(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)**

**ગુજરાત સરકાર**

**(ફક્ત હંગામી વિજળીકરણ કામના ઠેકેદારો માટે)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવ્યા મુજબના કામ માટે ભાવ પત્રકો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૫૧૪, ગાંધીનગર દ્વારા હંગામી વિજળીકરણના કુલ ૧ (એક) કામની અંદાજીત કિંમત રૂ. ૨,૬૨,૨૬૬.૭૦ છે.

ટેન્ડર દસ્તાવેજો વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૪/૪/૨૦૧૮થી ૭/૪/૨૦૧૮ ૦૫૩૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. વધારાની માહિતી ઓનલાઈન ટેન્ડર ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી

માહિતી/૨૩/૧૮-૧૯

**ટુંકી જાહેર નિવિદા નં. ૧/૨૦૧૮-૧૯**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.૨, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.-૧૬, બ્લોક નં. 'એ', પ્રથમ માળ, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૪૬૯-૭૦) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના લગતા ૧ (એક) કામના ટેન્ડર જેની અંદાજીત રકમ ૨૯૪૬૩૭.૨૦છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાનો ધરાવતા વિદ્યુત ઠેકેદારો, જે તે કામના નિષ્ણાંત અને અનુભવી ઠેકેદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર ઓનલાઈન www.nprocure.com પરથી તા. ૧૦/૪/૨૦૧૮, સમય ૧૨.૦૦ કલાક સુધી અપલોડ/ડાઉનલોડ કરી શકાશે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે.

માહિતી/૧૮/૧૮-૧૯